**તાપમાન**

મહત્તમ : ૪૩.૫ ડીગ્રી

લઘુતમ : ૨૯.૫ ડીગ્રી

ભેજ

સવારે ૪૬ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૦ — ૧૧ મે, ૨૦૧૬, બુધવાર ; વૈશાખ સુદ - ૫ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ઉત્તરાખંડમાં વિશ્વાસમત જીત્યાનો કોંગીનો દાવો

### સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ બે કલાક વિશ્વાસમત પ્રક્રિયા ચાલી : સુપ્રીમ કોર્ટ દ્વારા વિશ્વાસમતના પરિણામ આજે સત્તાવારરીતે જાહેરાત કરાશે : હરિશ રાવતને ૩૩ અને ભાજપને ૨૮ મત મળ્યા

દહેરાદૂન,તા. ૧૦

ઉત્તરાખંડ વિધાનસભામાં સુપ્રીમ કોર્ટની બાજનજર હેઠળ આજે વિશ્વાસમતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે બે કલાક સુધી ચાલી હતી. બે કલાકના અંતે ભાજપે પોતાની હાર સ્વીકારી લીધી હતી. બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્યોએ આજે જીત માટેનો દાવો કર્યો હતો. જો કે, વિશ્વાસમતના સત્તાવાર પરિણામો આવતીકાલે સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવનાર છે. મિડિયા અહેવાલ મુજબ એક બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે, કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવત વિશ્વાસમતમાં ઉગરી ગયા છે અને ૭૦ સભ્યોના ગૃહમાં બહુમતિ સાબિત કરી દીધી છે. આવતીકાલે આ અંગેની સત્તાવાર જાહેરાત સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવશે.



કોંગ્રેસના ધારાસભ્ય આજે વિશ્વાસમત બાદ ભારે ખુશખુશાલ દેખાયા હતા. વિશ્વાસમત બાદ કોંગ્રેસની છાવણીમાં ખુશી દેખાઈ હતી. મિડિયા અહેવાલમાં દાવો કરાયો છે કે, હરિશ રાવતને ૩૩ મત મળ્યા છે જ્યારે ભાજપને ૨૮ મત મળ્યા હતા. દરેક પક્ષમાંથી એક પક્ષાંતરની સ્થિતિ સર્જાઈ હતી. ભાજપ અમારા ધારાસભ્યો પૈકી એક ધારાસભ્યને પોતાની તરફેણમાં કરવામાં સફળ છે તેવો આક્ષેપ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અઁબિકા સોનીએ કહ્યું છે. અંબિકા સોનીનું કહેવું છે કે, કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરતી વેળા વધારે વધારે સાવધાની રાખવી જોઈએ. અનિશ્ચિતતાના વાદળો આવતીકાલે દૂર થઈ જશે. તેવો દાવો મુખ્યમંત્રી હરિશ રાવતે કર્યો છે. જો કે, વિધાનસભાની અંદર શું થયું તે અંગે ટિપ્પણી કરી ન હતી. ઉત્તરાખંડમાં આખરે હરીશ રાવતે ફ્લોર ટેસ્ટમાં સફળતા મેળવી લેતા કોંગ્રેસની છાવણીમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જ્યારે ભાજપને મોટો ફટકો પડ્યો હતો. ભાજપે હાર સ્વીકારી લીધી હતી. અગાઉ આજે સવારે ભારે રાજકીય ગરમી વચ્ચે તમામ પ્રક્રિયા શરૂ કરાઈ હતી. રાવતને ૩૩ મત મળ્યા હતા. જ્યારે ભારે ઉથલપાથલ સવારે રહી હતી. ગઈકાલે ભાજપને મોટો ફટકો પડે

● અનુસંધાન પાન-૭ પર

## બીસીસીઆઈ પ્રમુખ તરીકે અંતે શશાંક મનોહરનું રાજીનામુ

નવીદિલ્હી,તા. ૧૦

બીસીસીઆઈના પ્રમુખ તરીકે શશાંક મનોહરે આજે રાજીનામુ આપી દીધું હતું. ગ્લોબલ બોડીના કારોબારી બોર્ડ દ્વારા આજે એવો આદેશ કરવામાં આવ્યો હતો કે, આઈસીસીના ચેરમેને સ્વતંત્ર હવાલો હોવો જોઈએ. બે ભૂમિકા ચલાવી લેવાશે નહીં. દેશના ક્રિકેટ બોર્ડના વડા તરીકે પણ શશાંક મનોહર જવાબદારી સંભાળી રહ્યા હતા. આજ કારણસર તેમની સામે દુવિધાભરી સ્થિતિ હતી. આઈસીસીના પ્રમુખના હોદ્દા માટે સ્વતંત્ર સભ્યની ભૂમિકા મહત્વપૂર્ણ રહેલી છે.

## રાહુલ ગાંધીની પુડુચેરી, કેરળ અને તમિળનાડુની યાત્રા અંતે રદ



નવી દિલ્હી, તા. ૧૦

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ ધમકીભર્યો પત્ર મળ્યાના એક દિવસ બાદ આજથી શરૂ થતી પુડુચેરી, તમિળનાડુ અને કેરળની બે દિવસની યાત્રાને રદ કરી દીધી છે. જો કે, આ યાત્રા રદ કરવા માટેનું કોઈ કારણ આપવામાં આવ્યું છે. શ્રેણીબદ્ધ ટ્વિટમાં કોંગ્રેસના ઉપપ્રમુખે દાવો કર્યો છે કે, તેમને તાવની અસર છે.

## વિજય માલ્યાના શેર ફ્રીઝ કરવા માટેનો તખ્તો તૈયાર

### નેશનલ ડિપોઝિટરીને ટૂંકમાં આદેશ કરાશે : શેર ફ્રીઝના સંદર્ભમાં રેગ્યુલેટર સેબીને માહિતી આપવામાં આવી : ઈડીના અધિકારીઓ હાલમાં આક્રમક મૂડમાં છે



નવી દિલ્હી,તા. ૧૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ટૂંક સમયમાં જ વિજય માલ્યાની માલિકીના શેર જપ્ત કરવા માટે ડિપોઝિટરીને આદેશ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉદ્યોગપતિ વિજય માલ્યા દ્વારા લિસ્ટેડ કંપનીઓમાં જાળવી રાખવામાં આવેલા શેરને ફ્રીઝ કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. હાલમાં વિજય માલ્યા યુનાઈટેડ બ્રેવરરીઝ હોલ્ડિંગ લિમિટેડ (યુબીએચએલ), યુનાઈટેડ સ્પીરીટી (યુએસએલ) અને મેંગ્લોર કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સ લિમિટેડમાં હિસ્સેદારી ધરાવે છે. એજન્સીએ માર્કેટ રેગ્યુલેટર સેબીને પણ શેર ફ્રીઝ કરવા માટે સૂચના આપવાની તૈયારી કરી લીધી છે. તપાસ સંસ્થા નેશનલ સિક્યુરિટી ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ), સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસ લિમિટેડ (સીડીએસએલ)ને પણ પત્ર લખવાની તૈયારીમાં છે. નામ જાહેર નહીં કરવાની શરતે ઈડીના એક અધિકારીએ આ મુજબની વાત કરી છે.

## પનામા કેસમાં ૨૦૦૦ ભારતીયોના કનેક્શન

### ગયા મહિને પ્રથમ પેપર લીક જારી કરાયા બાદ વધુ અહેવાલ : ૨૦૦૦થી વધુ ભારતીયોના કનેક્શનને લઇને સનસનાટી : કોઇના નામનો ઉલ્લેખ ન થતાં સસ્પેન્સની સ્થિતિ : પનામા પેપર્સ લીક દ્વારા રાજકીય ગરમી

નવીદિલ્હી,તા. ૧૦

સમગ્ર વિશ્વમાં ભારે ખળભળાટ મચાવનાર પનામાં પેપર્સ લીકના મામલામાં ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે જેના પરિણામ સ્વરુપે ભારતીય અધિકારીઓમાં ખળભળાટ મચી ગયો છે. નવા પનામા પેપર્સ લીકમાં ૨૦૦૦ ભારતીયોના કનેક્શનની વિગત સપાટી ઉપર આવી છે. ટેક્સ હેવન દેશોમાં કંપનીઓ અને નાણા જમા કરવાના સંદર્ભમાં વિગતો સપાટી ઉપર આવી છે. દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ જેવા મેટ્રો શહેરોના પોશ વિસ્તારના સ્થળો અને અન્ય નાના શહેરોના લોકોના કનેક્શન બહાર આવ્યા છે. ઈન્ટરનેશનલ કન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટીગેટિવ જર્નાલિસ્ટ (આઈસીઆઈજે) દ્વારા સર્ચ સાથે સંબંધિત ડેટાબેઝનો આંકડો જારી કર્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૦૦ ભારતીયોના કનેક્શન પણ ખુલ્યા છે. નવાડાથી હોંગકોંગ અને બ્રિટિશ વર્જિન આઈલેન્ડ સુધીના લોકોના નામ સપાટી ઉપર આવ્યા છે. પનામા પેપર્સ ઈન્વેસ્ટીગેશનના ભાગરુપે સૌથી મોટો ખુલાસો થયો છે.

પનામા પેપર્સની ફર્સ્ટ એડિશનમાં અનેક મોટી હસ્તીઓના નામ સપાટી ઉપર આવ્યા હતા જેમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુટિન, બોલીવુડના સુપર સ્ટાર અમિતાભ બચ્ચન, બોલીવુડની અભિનેત્રી એશ્વર્યા રાય બચ્ચનના નામનો પણ ખુલાસો થયો હતો. જો કે, આ તમામ લોકોએ અહેવાલોને રદિયો આપ્યો હતો. ગયા મહિને જારી કરવામાં આવેલા નામના પ્રથમ સેટમા જે નામ સપાટી ઉપર આવ્યા હતા તે ૫૦૦ કંપનીઓ અને વ્યક્તિગતોની નોંધ લીધી હતી. આ મામલામાં તપાસ કરવા મલ્ટી એજન્સી ગ્રુપ (એમએજી)ની રચના કરી હતી. એમએજીમાં ઈન્કમટેક્સ વિભાગ, એફઆઈયુ, આરબીઆઈ, ફોરેન ટેક્સ, ટેક્સ રિસર્ચ જેવી જુદી જુદી કેન્દ્રીય તપાસ સંસ્થાઓના અધિકારીઓને આવરી લેવામાં આવ્યા હતા.

## ગાંધીનગર રાજ્યનું સૌથી વધુ ગરમ શહેર

### મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. નોંધાયું : લૂ નો કહેર વધતા જનજીવન પર અસર

ગાંધીનગર, તા. ૧૦

હવામાન વિભાગની આગાહી અનુસાર જ આજે મહત્તમ તાપમાનમાં વધારો થતા શહેરમાં વિક્રમજનક ગરમી નોંધાઈ છે. મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાતા શહેરમાં હીટવેવનો કહેર અનુભવાયો હતો.

ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ તરફના પવન શરૂ થતા ગરમીમાં વધારો થયો છે. મહત્તમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં કોઈ રાહત મળે તેવા એંધાણ દેખાતા નથી. હવામાન વિભાગે બે દિવસ અગાઉ જ ઓરેન્જ કાર્ડ જાહેર કર્યું હતું. ઓરેન્જ કાર્ડ જાહેર કરી હવામાન ખાતાએ ચેતવણી આપી હતી કે રાજ્યમાં મહત્તમ તાપમાન ૪૩-૪૪ ડિગ્રી સુધી પહોંચવાની પુરેપુરી સંભાવનાઓ છે. હવામાન વિભાગે આપેલી ચેતવણી અનુસાર જ આજે મહત્તમ તાપમાનમાં એકથી દોઢ ડિગ્રી જેટલો વધારો સમગ્ર રાજ્યમાં જોવા મળ્યો છે.

શહેરમાં આજે આગાહી અનુસાર જ મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાયું હતુ. વહેલી સવારથી જ સૂર્યનારાયણે આકરા કિરણો વરસાવી ભયંકરનો અહેસાસ કરાવી દીધો હતો. સવારે નવ વાગે તો સૂર્યના આકરા મિજાજનો પરિચય થતો હોય તેમ ભયંકર ગરમીનો પ્રારંભ થઈ ગયો હતો. સવારે દસ વાગ્યાથી લૂ ફૂંકાવાનો પ્રારંભ થઈ ગયો હતો. બપોરે તો આકાશમાંથી રીતસર અગનગોળા વરસતા હોય તેવો આકરો તડકો પડવા માંડ્યો હતો. ચામડીને દઝાડતો તડકો અને ભયંકર ગરમીની અસર જનજીવન

● અનુસંધાન પાન-૭ પર

**ક્યા કેટલું તાપમાન**

| સ્થળ | મહત્તમ તાપમાન |
|---|---|
| ગાંધીનગર | ૪૩.૫ |
| સુરેન્દ્રનગર | ૪૩.૩ |
| અમદાવાદ | ૪૩ |
| રાજકોટ | ૪૨.૮ |
| અમરેલી | ૪૨.૪ |
| ઈડર | ૪૨ |
| વીવીનગર | ૪૧.૮ |
| ડિસા | ૪૧.૭ |
| વડોદરા | ૪૧.૯ |
| સુરત | ૩૫.૮ |



(તસવીર : કશ્યપ નિમાવત)

## રાજ્યભરમાં આગઝરતી ગરમી જનજીવન પર માઠી અસર

### ગરમીથી બચવા જરૂરી સાવચેતી રાખવા સૂચના જારી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં પણ આજે ગરમીનો પારો ૪૩ સુધી પહોંચી જતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. બપોરના ગાળામાં લમણા શેકી નાંખે તેવી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો અને જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. બપોરના ગાળામાં લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું હતું. જો કે, જરૂરી કામ માટે બહાર નિકળેલા લોકોએ સાવચેતી રાખી હતી. હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં હાલમાં જ જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯.૪ ડિગ્રી નોંધાયું હતું. પાટનગર ગાંધીનગરમાં આજે પારો ૪૩.૫ ડિગ્રી સુધી પહોંચ્યો હતો જે રાજ્યમાં સૌથી વધુ તાપમાન રહ્યું હતું. સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૩થી ઉપર પહોંચ્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોટાભાગના વિસ્તારોમાં લોકોની હાલત ગરમીના કારણે કફોડી બની હતી. અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણીને લઈને લોકો હેરાન પરેશાન થયેલા છે. દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઈએમડી અમદાવાદના સહયોગથી અમદાવાદ હીટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે.

અમદાવાદના મેયરના નેતૃત્વમાં શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં કામ કરતી એનજીઓ સામાજીક સંસ્થાઓ સાથે મીંટીંગ યોજવામાં આવી રહી છે. આ સંસ્થાઓનાં સહકારથી અમદાવાદનાં જુદા જુદા વિસ્તારોમાં કુલ ૪૭૫ જેટલી પાણીની પરબો કાર્યરત કરવામાં આવી છે.








